### જ્ઞાનેશકુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે - NSUI પ્રમુખ

# ચૂંટણી પંચના વડા જ્ઞાનેશકુમાર વિરુદ્ધ NSUIનો ઉગ્ર વિરોધ :કાર્યકરોની અટકાયત

**પ્રમુખ** અમર વાઘેલા સહિત કાર્યકરોની અટકાયત




(પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વોટ ચોરીના મુદ્દાને લઈને વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા વડોદરાના ફતેગંજ વિસ્તારમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન સયાજીગંજ પોલીસે પ્રમુખ અમર વાઘેલા સહિત અનેક કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

વડોદરાના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા ફતેગંજ ખાતે વોટ ચોરી મામલે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અમર વાઘેલાની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એકઠા થયા હતા અને ચૂંટણી પંચના વડા જ્ઞાનેશકુમાર વિરુદ્ધ હાથમાં પ્લેકાર્ડ લઈ જાહેર માર્ગ પર સૂત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકર્તાઓએ જ્ઞાનેશકુમારના રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. આ અંગે એનએસયુઆઈ પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, દેશભરના અલગ-અલગ રાજ્યોમાં જ્ઞાનેશકુમાર વિરુદ્ધ એનએસયુઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. જો લોકશાહીનું હનન અને હત્યા કોઈએ કરી હોય તો તે ચૂંટણી પંચના વડા જ્ઞાનેશકુમારે કરી છે. લોકશાહીમાં વોટ ચોરી ન થવી જોઈએ અને નિષ્પક્ષ ચૂંટણી થવી જોઈએ, પરંતુ દરેક જગ્યાએ જ્ઞાનેશકુમારે લોકશાહીની હત્યા કરીને વોટ ચોરી કરી છે. દેશના વિરોધ પક્ષના નેતા છેલ્લા બે વખતથી વોટ ચોરીની વાત કહી રહ્યા હતા, પરંતુ હવે તો ઈસીઆઈના આગેવાનોએ પણ સ્વીકાર્યું છે કે ખરેખર વોટ ચોરી થઈ રહી છે. સમગ્ર દેશમાં આ મુદ્દે વિરોધ થઈ રહ્યો છે, તેના ભાગરૂપે આજે વડોદરા એનએસયુઆઈ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું. યુવાનોની એક જ માંગ છે કે, જ્યાં સુધી જ્ઞાનેશકુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે ઝંપીશું નહીં અને લોકશાહીને બચાવીશું.

## ગુજરાતી ટોક ના ગુનામાં બે આરોપીની જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.3

પંચમહાલના ગોધરા, વેજલપુર અને હાલોલ વિસ્તારમાં ગૌવંશની ચોરી, ગેરકાયદે કતલ અને માંસ વેચાણના આરોપસર નોંધાયેલા ગુજસીટોકના કેસમાં એહમદ હુશેન સીદીક વસ્કા ઉર્ફે મોહસીન પાવો અને સુફીયાન મહેમુદ પઠાણની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. બંનેએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 483 હેઠળ જામીન માંગ્યા હતા.

આરોપીઓએ વર્ષ 2020થી 2025 દરમિયાન સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ રચી આર્થિક ફાયદા માટે ગૌવંશની ચોરી, ગેરકાયદે કતલ અને માંસ વેચાણનું નેટવર્ક ચલાવ્યું હોવાનો આક્ષેપ છે. ગૌવંશને દોરડાથી મોઢા અને પગ બાંધી વાહનોમાં ક્રૂરતાપૂર્વક ભરવામાં આવતા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. જામીન અરજીની સુનાવણી દરમિયાન સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ આરોપીઓ સામે મજબૂત પ્રથમદર્શી કેસ હોવાનું રજૂ કર્યું હતું.

# મધ્ય ગુજરાતમાં બાઈક અકસ્માતના ત્રણ બનાવમાં ત્રણ યુવકોનાં મોત

**દાહોદ,** ડેસર અને ખંભાતના યુવકોને ગંભીર અકસ્માત બાદ સયાજી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી

**રાવપુરા** પોલીસે પોસ્ટમોર્ટમ કરી સંબંધિત પોલીસ મથકોને જાણ કરી ; અલગ-અલગ અકસ્માતની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

મધ્ય ગુજરાતમાં અલગ-અલગ સ્થળે સર્જાયેલા બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ત્રણ યુવકોના વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. ત્રણેય બનાવમાં રાવપુરા પોલીસે મૃતદેહોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી સંબંધિત પોલીસ મથકોને જાણ કરી હતી.

પ્રથમ બનાવમાં ગરબાડા, દાહોદના 26 વર્ષીય રાહુલ ખેમચંદ મોહનિયાને ગત 26 સપ્ટેમ્બરની રાત્રે દાહોદના ગડોઈ ગામ પાસે બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આજે વહેલી સવારે સારવાર દરમિયાન રાહુલનું મોત થયું હતું. રાવપુરા પોલીસે પોસ્ટમોર્ટમ કરી દાહોદ રૂરલ પોલીસને જાણ કરી હતી.

બીજા બનાવમાં ડેસરના પીપરસ ગામના 42 વર્ષીય ભરત ચંદુ નાયક ગત 28 સપ્ટેમ્બરે બાઈક સ્લીપ થતાં અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગઈકાલે રાત્રે આઈસીયુમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે રાવપુરા પોલીસે પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરી ડેસર પોલીસને જાણ કરી હતી.

ત્રીજા બનાવમાં ખંભાત, આણંદના 35 વર્ષીય સુરેશ બાબર મકવાણાને ગત 20 સપ્ટેમ્બરે બોરસદ નજીક બાઈક લઈને જતા અકસ્માત નડ્યો હતો. ગંભીર ઈજાઓ થતાં તેમને સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન 1 ઓક્ટોબરે આઈસીયુમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. રાવપુરા પોલીસે પોસ્ટમોર્ટમ કરી બોરસદ ટાઉન પોલીસને જાણ કરી હતી.

ત્રણેય અકસ્માતના બનાવો અલગ-અલગ સ્થળે બન્યા હતા અને અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન સ્થિતિ વધુ ગંભીર બનતાં ત્રણેય યુવકોના મોત થયા હતા. બનાવની જાણ થતાં મૃતકોના પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને શોકની લાગણી પ્રસરી હતી. સંબંધિત પોલીસ મથકો દ્વારા અકસ્માતના સંજોગો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### રાજ્ય સરકાર દ્વારા સેવા હી મેરા યોગદાન અભિયાન શરૂ કરાયું

# 'દિવ્યાંગ સહાય વિતરણ કેમ્પ'માં ૧૫૦થી વધુને સ્થળ પર જ સહાય



(પ્રતિનિધિ) વડોદરા તા.3

સમાજના દિવ્યાંગ ભાઈ-બહેનોને જરૂરી સહાય, માર્ગદર્શન અને પાયાની સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે તા. ૦૨/૧૦/૨૦૨૬ ને શુક્રવારના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગરના સઘન માર્ગદર્શન હેઠળ નાયબ નિયામકશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, વડોદરા દ્વારા સમાજ સુરક્ષા સંકુલ ખાતે ₹સેવા હી મેરા યોગદાન₹ અભિયાન અંતર્ગત દિવ્યાંગ સહાય વિતરણ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન દિવ્યાંગ લાભાર્થીઓની વાસ્તવિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૫૦ થી વધુ લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ સરકારી સહાય પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગજનોને નિશુલ્ક બસ પાસ, દિવ્યાંગ લગ્ન સહાયના હુકમો, ટ્રાયસિકલ, જોયસ્ટિક સાયકલ, ટી.એલ.એમ. કીટ, કાંખઘોડી, અને હિયરીંગ એઈડ સહિતના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## બ્રહ્મસમાજ દ્વારા જીવસાથી સંમેલનનું આયોજન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૦૬-૧૨-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વડોદરાના નિઝામપુરા સ્થિત મનપાના અતિથિગૃહ ખાતે ૬૧મા ભવ્ય જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનનો મુખ્ય હેતુ બ્રહ્મસમાજના યુવાઓ માટે યોગ્ય અને સચોટ જીવનસાથીની પસંદગી માટેનું ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.આ આયોજનને સફળ બનાવવા માટે સંયોજક ઈશ્વર દવે તથા તેમની સમગ્ર ટીમ સક્રિયપણે કાર્યરત છે. સંસ્થાના હોદ્દેદારોમાં ઉપપ્રમુખો તરીકે નિલેશ ભટ્ટ, મહેશ રાવલ, કમલેશ રાજયગુરૂ અને ઓમવીરજી શર્મા સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત મહિલા ઉપપ્રમુખો તરીકે આરતિબેન દવે અને મયૂરીબેન ઠાકોર તેમજ યુવા ઉપપ્રમુખો તરીકે રચિત શર્મા અને નેહાબેન શર્મા સમગ્ર આયોજનની ધુરા સંભાળી રહ્યા છે.

### વડોદરામાં કલાનો અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો

# આદિવાસી સંસ્કૃતિ વિષયક અદભુત તસવીરોનું વિશેષ પ્રદર્શન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

શહેરના જાણીતા કવિ, લેખક અને પત્રકાર દુર્ગેશ ઉપાધ્યાય દ્વારા આદિવાસી સંસ્કૃતિ વિષયક અદભુત તસવીરોનું વિશેષ પ્રદર્શન સયાજીગંજ સ્થિત કીર્તિમંદિર કેમ્પસની આકૃતિ આર્ટ ગેલેરી ખાતે શરૂ થયું છે. લલિત કલા અકાદમી દ્વારા પ્રાયોજિત આ પ્રદર્શન આગામી તા. ૩ થી ૫ ઓક્ટોબર દરમિયાન સવારે ૧૧:૦૦ થી સાંજે ૭ વાગ્યા સુધી કલા રસિકો માટે ખુલ્લું રહેશે. આ પ્રદર્શનનો શુભારંભ તા. ૩ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ભવ્ય રીતે કરવામાં આવ્યો હતો. દુર્ગેશ ઉપાધ્યાયે ગુજરાત અને દેશના વિવિધ આદિવાસી વિસ્તારોમાં વર્ષો સુધી રૂબરૂ જઈને ત્યાંની સંસ્કૃતિ, રીતિ-રિવાજો અને જીવનશૈલીને પોતાના કેમેરામાં કંડારી છે. છેલ્લા ૪૦ વર્ષથી વધુ સમયથી આદિવાસી સંસ્કૃતિ અને લોકજીવન પર ચાલી રહેલી તેમની આ નિષ્ઠાવાન કામગીરીની ઝલક આ પ્રદર્શનમાં વિશેષ જોવા મળે છે.

તેમણે આદિવાસી સંસ્કૃતિ અને તેમના લોકગીતોના પુસ્તકોનું નોંધપાત્ર સંપાદન પણ કર્યું છે. દુર્ગેશ ઉપાધ્યાય અત્યાર સુધીમાં ૨૪ જેટલા પુસ્તકો પ્રગટ કરી ચૂક્યા છે. તેમના આદિવાસી તસવીરોનાં ૧૫ જેટલાં પ્રદર્શનો ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં લલિત કલા અકાદમીની સહાયથી સફળતાપૂર્વક યોજાઈ ચૂક્યાં છે. સાહિત્ય ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ તેમને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો અને એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. આગામી સમયમાં તેમનું મુખ્ય સોલો પ્રદર્શન જયપુર, રાજસ્થાન ખાતે તા. ૧૭ થી વિશેષરૂપે યોજાનાર છે. કલા અને સંસ્કૃતિ પ્રેમીઓ માટે વડોદરામાં યોજાયેલું આ પ્રદર્શન એક અનોખો અને ભાતીગળ અનુભવ પૂરો પાડી રહ્યું છે.

## વિશાલ નિર્મિતિ લિમિટેડનો IPO ૫ ઓક્ટોબર, ના રોજ બંધ થશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

વિશાલ નિર્મિતિ લિમિટેડ ("કંપની") દ્વારા 10 ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેરનો આઈપીઓ બુધવાર, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો . બિડ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, 5 ઓક્ટોબર, 2026 રહેશે.

ઓફર માટેનો પ્રાઈસ બેન્ડ 208 પ્રતિ ઈક્વિટી શેરથી 220 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. દરેક ઈક્વિટી શેરનું ફેસ વેલ્યુ 10 છે. રોકાણકારો ઓછામાં ઓછા 68 ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ 68 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.આ ઓફરમાં 145.00 કરોડ સુધીનો ફ્રેશ ઈસ્યુ તથા સેલીંગ શેરહોલ્ડર વામન પ્રેસટ્રેસીંગ કંપની પ્રાઈવેટ લીમીટેડ દ્વારા 15,00,000 ઈક્વિટી શેર સુધીનું Offer for Sale સામેલ છે. 208ના ફ્લોર પ્રોઈસ પર ઓએફએસ મૂલ્ય 31.20 કરોડ અને 220ના કેપ પ્રાઈઝ 33.00 કરોડ રહેશે. કેપ પ્રાઈઝ કુલ ઓફર સાઈઝ 178.00 કરોડ રહેશે.

# અટલાદરા બ્રહ્માકુમારીઝ ખાતે કલા-સંસ્કૃતિ સંમેલન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

આ કાર્યક્રમ નો મુખ્ય વિષય ₹ *વૈશ્વિક સંસ્કૃતિ શાંતિ પ્રેમ સદભાવના₹ રાખવામાં આવેલ કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સંમેલન દરમિયાન વિવિધ મનોહર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી અને ઉપસ્થિત દરેક ભાઈ બહેનોએ પણ આ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓને મનભરીને માણી હતી. બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવાકેન્દ્રના સંચાલિકા બી.કે. ડો.અરુણાબેને મંચાસીન મહાનુભાવો અને સભામાં ઉપસ્થિત શ્રૌતાગણનું શબ્દો થકી સ્વાગત કર્યું હતું. અને રાજ્યોગ મેડીટેશન શીખવા માટે પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં વિશેષ મણિનગર સબઝોન ઈન્ચાર્જ આદરણીય બી.કે. નેહાદીદીજી પધાર્યા હતા, જેમને મુખ્ય વ્યક્તત્વ આપતા જણાવ્યું કે આપણો ભારત દેશે ₹વસુદેવ કુટુંબકમ₹ ની ભાવનાને સાકાર કરીને બતાવ્યું છે. આપણા જીવનની સંસ્કૃતિ એટલે આપણા ગુણ, વિશેષતાઓ અને માનવીય મૂલ્ય છે. કલાકાર પ્રેમ ભાવનાઓને પોતાની પ્રસ્તુતિમાં પ્રસારિત કરીને લોકોમાં શાંતિ અને સદભાવનાની અનુભૂતિ કરાવી શકે છે જે આપણા ભારત દેશની સંસ્કૃતિમાં ધરોહર તરીકે સ્થાપિત છે આપણી સંસ્કૃતિની સુવાસ ને કલાકાર તેની કૃતિ અર્થાત પ્રસ્તૃતિ ના માધ્યમથી અનેક લોકો સુધી આ ધરોહર પહોંચાડી શકે છે. આ કાર્યક્રમ માં ઈસનપુર,અમદાવાદ થી પધારેલ, કલા સંસ્કૃતિ પ્રભાગના સંયોજિકા આદરણીય બી.કે. જાગૃતિદીદી એ કલા સંસ્કૃતિ સંમેલન પ્રોગ્રામનું મુખ્ય લક્ષ અને તેનો ઉદ્દેશ્ય બધાની સમક્ષ સુંદર રીતી થી રજૂ કર્યો અને આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અજય અષ્ટપુત્ર- ડીન, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, એમ.એસ.યુનિવર્સિટી, અતિથિ વિશેષ લોકમાન્ય ગુજરાતી ફોક ગાયક કલાકાર- શ્રી પીયુદાન ગઢવી, પ્રોફેસર ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, એમ.એસ. યુનિવર્સિટીથી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### વડોદરામાં સ્માર્ટ સિટીના દાવા પોકળ

# વોર્ડ ૧૨ ના બિલ-કલાલીમાં બિસ્માર રોડ અને પાણીના ધાંધિયાથી રહીશો ત્રાહિમામ

પાયાની સુવિધાઓથી વંચિત સોસાયટીના રહીશોએ પાલિકામાં મોરચો માંડ્યો ; પ્રશ્નો ઉકેલાય નહીં તો ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

બિલ-કલાલી વિસ્તારમાં આવેલી અસંખ્ય સોસાયટીઓમાં છેલ્લા લાંબા સમયથી રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. ઠેર-ઠેર પડેલા ઊંડા ખાડાઓ અને ઉડતી ધૂળના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે. ચોમાસા દરમિયાન પરિસ્થિતિ વધુ વણસી જાય છે અને બિસ્માર રસ્તાઓને કારણે રહીશોને ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. રસ્તાઓની સાથે-સાથે આ વિસ્તારમાં પીવાના ચોખ્ખા પાણીની પણ ભારે તંગી પ્રવર્તી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અપૂરતા દબાણથી અને દૂષિત પાણી મળવાની સમસ્યાને કારણે રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. તંત્રના ઉદાસીનતા અને ધીમા કામના વલણથી કંટાળીને આખરે વોર્ડ નંબર ૧૨ ના બિલ-કલાલી વિસ્તારના રહીશોએ એકત્ર થઈને કોર્પોરેશનના કચેરી ખાતે મોરચો માંડ્યો હતો. સ્થાનિક રહીશોએ પાલિકાના જવાબદાર અધિકારીઓને આવેદનપત્ર પાઠવીને પોતાની આપવીતી રજૂ કરી હતી. લેખિત રજૂઆતમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, નવા સમાવિષ્ટ વિસ્તારોમાં વેરાઓ નિયમિત ઉઘરાવવામાં આવે છે, પરંતુ નાગરિકોને મળવાપાત્ર પ્રાથમિક સુવિધાઓ આપવામાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે.

## પાણીમાં તરતી રંગોળીથી કેપ્ટન સ્મિતને સલામી



કેપ્ટન સ્મિતના શૌર્યને સલામ કરવાની અનોખી પહેલ કરવામાં આવી હતી. આતંકવાદી સામે કટોકટીની ક્ષણોમાં લડી 174 લોકોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિતની બહાદુરીને બિરદાવવા કલાકારે પોતાની કળા દ્વારા શ્રદ્ધાંજલિ આપી હતી. સહજ રંગોળી ગ્રુપ દ્વારા આશરે બે કલાકની મહેનતથી પાણીમાં તરતી રંગોળી તૈયાર કરવામાં આવી હતી. રંગોળીના માધ્યમથી કેપ્ટન સ્મિતના શૌર્યને સલામી આપવામાં આવી હતી. દેશભક્તિ અને સાહસના પ્રતિક સમાન આ પહેલ દ્વારા કેપ્ટન સ્મિત પ્રત્યે સન્માન વ્યક્ત કરવામાં આવ્યું હતું.

# શ્રમદાન અને વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

દેશવ્યાપી સ્વચ્છતા અભિયાન અંતર્ગત વડોદરા ખાતે 'સેવા મેરા યોગદાન' વિષય હેઠળ 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' મહાઅભિયાનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગત રોજ નાયબ નિયામક સમાજ સુરક્ષાની કચેરી, વડોદરા હસ્તકની તમામ સરકારી સંસ્થાઓમાં પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સંસ્થાના અંતેવાસીઓ દ્વારા પર્યાવરણનું રક્ષણ કરવા અને જનજીવનમાં સ્વચ્છતાના સંસ્કારોનું સિંચન કરવા માટેના સામૂહિક શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રતિજ્ઞા બાદ કચેરી અને આશ્રય ગૃહોના તમામ રૂમ, ડાઈનિંગ હોલ, રસોડું, કમ્પાઉન્ડ, શયનખંડ તેમજ આસપાસના સમગ્ર જાહેર પરિસરમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરી શ્રમદાન કરવામાં આવ્યું હતું. સફાઈ દરમિયાન એકત્રિત થયેલા કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી યોગ્ય નિકાલ પણ સુનિશ્ચિત કરાયો હતો. સાફ-સફાઈની આ કામગીરી પૂર્ણ થયા બાદ, સંસ્થાઓના પ્રાંગણને

## વડોદરામાં પંચાલ સમાજ ટ્રસ્ટ દ્વારા ભવ્ય 'સ્નેહમિલન અને ભાઈચારો સંમેલન'નું આયોજન

વડોદરા : સમાજના ઉત્કર્ષ, પરસ્પર સહકાર અને ભાઈચારાની ભાવનાને વધુ દ્રઢ કરવાના ઉદ્દેશ્યથી પંચાલ સમાજ ટ્રસ્ટ, વડોદરા દ્વારા એક વિશેષ 'સ્નેહમિલન અને ભાઈચારો સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના તમામ શ્રેષ્ઠીઓ અને બંધુઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ એકતા અને સહકારના સંકલ્પ સાથે વડોદરાના ચોખંડી વિસ્તારમાં ગણપત મંદિર પાછળ, ૫૩-પાણીની ટાંકી મેઈન ગેટની બાજુમાં યોજાનાર આ સંમેલનમાં સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આગામી સામાજિક કાર્યો અને ઉત્કર્ષની ચર્ચા માટે અગ્રણી દિલીપભાઈ પંચાલ દ્વારા સૌને નિમંત્રણ આપવામાં આવ્યું છે.


વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

વોર્ડ-૧૧ ની કચેરીથી નિલાંબર સર્કલ તરફ જતા રસ્તે કાર્તિકેય નગર સોસાયટી થી નિલાંબર સર્કલ સુધી નવીન ડ્રેનેજ પ્રેશર લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે કાર્તિકેય નગર સોસાયટી થી નિલાંબર સર્કલ સુધીના રસ્તા પર ડાબી બાજુના કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વેના કામગીરી સિવાયના ભાગનો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O No. ૪૬૩/૨૬-૨૭ ડ્રેનેજ.પ્રો. શાખા દ્વાર પ્રકાશિત



વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

દિવાળીપુરા ગામ જંક્શનથી યોગા સર્કલ થઇ શ્રેણિક પાર્ક સર્કલ સુધી નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે દિવાળીપુરા ગામ જંક્શનથી યોગા સર્કલ થઇ શ્રેણિક પાર્ક સર્કલ સુધી રસ્તા પર એક તરફના કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વેના કામગીરી સિવાયના ભાગનો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No. ૪૬૨/૨૬-૨૭ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત



Vadodara Municipal Corporation
TENDER NOTICE
Websites: www.vmc.gov.in

Vadodara Municipal Corporation Invites Tender (Two Bid System) for the following work from the competent & Experienced Organizations holding registration / license of concerned government authority for "Population survey of free-roaming community dogs in the city to understand their dynamics and to assess, evaluate and adapt effective *humane animal birth control strategies for the Municipal Corporation,* Vadodara "for further tender details visit us at www.vmc.gov.in. The bid document will be available on www.vmc.gov.in from Dt.05-10-2026 to Dt.15-10-2026.

Chief Health Officer
P.R.O.No. : 459/2026-27 Vadodara Municipal Corporation


### વડોદરા શહેરમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનો રંગ

# 300થી વધુ વિદ્યાર્થીઓ રંગોળી સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધા અને કોલાજ સ્પર્ધામાં જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, વડોદરા શહેર દ્વારા આજે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને રાષ્ટ્રીય ભાવનાને પ્રોત્સાહન આપવાના હેતુથી રંગોળી, ચિત્રકલા તથા કોલાજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં વડોદરા શહેરની વિવિધ શાળાઓમાંથી 300થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભા દ્વારા સેવા, સંકલ્પ, સંસ્કૃતિ અને વિકસિત ભારત-2047 જેવા વિવિધ વિષયોને રંગો અને કલાત્મક અભિવ્યક્તિ દ્વારા સુંદર રીતે રજૂ કર્યા હતા. સમગ્ર સ્થળે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવનાથી આગવું વાતાવરણ સર્જાયું હતું. કાર્યક્રમમાં વડોદરા શહેર પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. જયપ્રકાશ સોની દ્વારા વિદ્યાર્થીઓની કલાત્મક રજૂઆતોની પ્રશંસા કરી શિક્ષણ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. વડોદરા શહેરના ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્યો, શિક્ષકો તથા વિવિધ શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તસવીરકાર વિપુલ માને દ્વારા કૅમેરામાં કંડારવામાં આવી અદભૂત તસવીરો

# મહારાષ્ટ્રની લોકપરંપરાઓને તસવીરોમાં રજૂ કરતું વિશેષ ફોટોગ્રાફી પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ગુજરાત સ્ટેટ લલિતકલા અકાદમી નાં સહયોગ થી શહેરનાં તસવીરકાર વિપુલ માને દ્વારા કૅમેરામાં કંડારવામાં આવેલી મહારાષ્ટ્રની લોકપરંપરાઓને તસવીરોમાં રજૂ કરતું વિશેષ ફોટોગ્રાફી પ્રદર્શન ₹કલર્સ ઓફ ડીવોશન₹ તા.1,2 અને 3 ઓક્ટોબર નાં રોજ રાજસ્થાન નાં જયપુર ખાતે આવેલ જવાહર કલા કેન્દ્રમાં યોજાનાર છે. જેનો પ્રિવ્યુ શો શહેરનાં કીર્તિ મંદિર ખાતે ની આકૃતિ આર્ટ ગેલેરી માં તા.26 થી 28 સપ્ટેમ્બર ત્રણ દિવસ માટે રાખવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રની સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને પરંપરાઓને દૃશ્યરૂપ આપતા ગુળુન્ચેના 'કાંટે બારસ' અને પટ્ટનકડોલીના 'હલ્દી ઉત્સવ' પર આધારિત વિશેષ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં બંને લોકોત્સવોની પરંપરા, ધાર્મિક આસ્થા, લોકજીવન અને વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરાઓને



તસવીરોના માધ્યમથી રજૂ કરવામાં આવી છે. ગુળુન્ચેનું કાંટે બારસ પોતાની અનોખી પરંપરા માટે, જ્યારે પટ્ટનકડોલીનો હલ્દી ઉત્સવ વિશિષ્ટ પીળા રંગના લોકઉત્સવ માટે જાણીતો છે. ફોટોગ્રાફર વિપુલ માને દ્વારા કૅમેરામાં કંડારાયેલી આ તસવીરો માત્ર ઉત્સવના દૃશ્યો નહીં, પરંતુ પેઢીઓથી જળવાઈ રહેલી લોકપરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાનું દસ્તાવેજીકરણ કરે છે. આ પ્રદર્શન જોવાં આવેલ મુલાકાતીઓ ને મહારાષ્ટ્રના લોકજીવનના બે વિશિષ્ટ રંગોને નજીકથી જાણવા અને અનુભવવા નો મોકો મળ્યો હતો.


**વડોદરા મહાનગરપાલિકા**
**જમીન મિલકત શાખા (કોમ.)**
**હંગામી ધોરણે ફટાકડાના વેચાણ માટેના સ્ટોલની જગ્યા જાહેર હરાજીથી મેળવવા બાબત**

આગામી દિવાળી તહેવારો દરમ્યાન વડોદરા મહાનગરપાલિકા હસ્તકના ટી.પી.સ્કીમના ફાયનલ પ્લોટમાં નિયત માપની જગ્યા, નિયત મુદત માટે, ફટાકડાના સ્ટોલ ઉભા કરવા અર્થે લાયસન્સ ફીથી મેળવવા માટે નિયત નમુનાના અરજી પત્રકમાં અરજીઓ મંગાવવામા આવે છે .

1. જાહેર હરાજીમાં ભાગ લેવા ડીપોઝીટની રકમ રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી તા.૯/૧૦/૨૦૨૬ ના રોજ બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રીશેષ સિવાયના સમયમાં ભરવાની રહેશે.
2. ડિપોઝીટની રકમ રૂ.૫૦,૦૦૦/- રાખવામા આવેલ છે .
3. પ્લોટ દીઠ ડિપોઝીટની રકમ, ફાયનલ પ્લોટ નંબર, જગ્યાની વિગતો, હરાજીની શરતો, મીનીમમ એપેસેટ વેલ્યુની વિગતો તથા ફાળવણીની શરતો જમીન મિલકત શાખા (કોમ.) રૂમ નં.૨૦૩, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, મુખ્ય કચેરી, રાજમહેલ રોડ, વડોદરા મહાનગર પાલિકા,વડોદરા ખાતેથી રજાના દિવસો સિવાય સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી મેળવી શકાશે. તે સિવાય વડોદરા મહાનગર પાલિકાની વેબ સાઇટ www.vmc.gov.in ઉપરથી ડાઉન લોડ કરી શકાશે. કોઈ પણ ફાઈનલ પ્લોટની જગ્યા માટે બોલેલ બોલીની રકમ માન્ય રાખવી કે નહિ તેનો આખરી નિર્ણય મ્યુનિસીપલ કમીશ્નરશ્રીનો રહેશે અને તેમાં કોઈ વાદ-વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

પી.આર.ઓ.નં. ૪૬૦/૨૦૨૬-૨૭ મ્યુનિસિપલ કમિશનર



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.**
**જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૨૬-૨૭**
**ટેન્ડર આઈ.ડી.નં.૩૫૧૪૬૪**

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ.અનેગ.વ્ય. બોર્ડ,જલ ભવન બીજો માળ, જૂની આર.ટી.ઓ. ની બાજુમાં, સિવિલ લાઇન રોડ, ગોધરા જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી પંચમહાલ જીલ્લાની પી.એમ. ૩બી જુ.પા.પુ. યોજના અંતર્ગતના કાલોલ હેડવર્કસ ખાતેના ૦૩ એસ.સી.એફ. પંપ ઈમરજન્સી ધોરણે ખોલી, રીપેર કરી અને રી-ઇન્સ્ટોલ કરવાની કામગીરીની કુલ અંદાજીત રકમ રૂા.૨૦.૪૯ લાખ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ અપલોડ, કરવાની છેલ્લી તારીખ: ૦૯/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપર થી મળશે. હવે પછીના સુધારા/વધારા માટે તેમજ વધુ વિગતો માટે વેબસાઇટ www.tender.nprocure.com ઉપરજોવી.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઇન નં.૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૫૩૮/૨૬)